મહિલા કર્મચારીઓની હડતાળથી બંધ કરવો પડ્યો એફિલ ટાવર

એફિલ ટાવર પર વિવાદ: BAPSના ડેલિગેશન લીધે મહિલા કર્મચારીઓને ખસેડાતા હડતાળ

ફ્રાન્સના રાજકારણીઓએ લિંગ સમાનતા મુદ્દે વ્યક્ત કર્યો ભારે રોષ

પેરિસના મેયર, પૂર્વ વડા પ્રધાન સહિતની વરિષ્ઠ હસ્તીઓએ આ ઘટનાની ટીકા કરી

BAPS પેરિસ દ્વારા આ અંગે ક્ષમાયાચના માગવામાં આવી

આ સંપૂર્ણપણે સંબંધિત સંસ્થાઓ વચ્ચેનો અંગત મામલો: વિદેશ મંત્રાલય



લંડન, તા. ૪ (પીટીઆઈ): પેરિસનું વિશ્વપ્રસિદ્ધ એફિલ ટાવર સોમવારે બંધ રહ્યું હતું. હાલમાં જ એક હિન્દુ ધાર્મિક સંગઠનની મુલાકાત દરમિયાન મહિલા કર્મચારીઓને તેમના કામના સ્થળેથી દૂર ખસેડવામાં આવ્યા હોવાના વિરોધમાં કર્મચારીઓએ હડતાળ પાડતા આ પગલું ભરવામાં આવ્યું હતું. જોકે મંગળવારે એફિલ ટાવરને ફરીથી સામાન્ય રીતે ખોલી દેવામાં આવ્યું છે.

યુરોન્યૂઝના અહેવાલ અનુસાર, આ ઘટના શનિવારે બની હતી જ્યારે BAPS (બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા) સાથે જોડાયેલા આશરે 100 લોકોના પ્રતિનિધિ મંડળે એફિલ ટાવરની મુલાકાત લીધી હતી.

ટ્રેડ યુનિયન CGTના પ્રતિનિધિ ડિયાન ડેવોઈને જણાવ્યું હતું કે, પ્રતિનિધિ મંડળ પસાર થઈ રહ્યું હતું ત્યારે મહિલા કર્મચારીઓને તેમના કામના સ્થળેથી ખસેડીને અન્ય વિસ્તારોમાં મોકલી દેવાઈ હતી અને તેમની જગ્યાએ પુરુષ કર્મચારીઓને ગોઠવવામાં આવ્યા હતા. આ ઉપરાંત તમામ મહિલા કર્મચારીઓને સૂચના આપવામાં આવી હતી કે પ્રતિનિધિ મંડળની હાજરી દરમિયાન તેમણે ચોક્કસ વિસ્તારોમાંથી પસાર થવું નહીં. ટાવરનું સંચાલન કરતી કંપની SETEએ સ્વીકાર્યું હતું કે હિન્દુ ડેલીગેશને 'મહિલાઓ સાથેની ક્રિયાપ્રતિક્રિયા મર્યાદિત કરવા' વિનંતી કરી હતી, જે શરત સ્વીકારવી જોઈતી નહોતી.

આ ઘટના અંગે પેરિસના મેયર એમેન્યુઅલ ગ્રેગોઇરે કર્મચારીઓનો રોષ વાજબી ગણાવી તપાસના આદેશ આપ્યા છે. ફ્રાન્સના નેશનલ એસેમ્બલીના પ્રમુખ યાએલ બ્રૌન-પિવેટ, જાતીય સમાનતા મંત્રી ઓરોરે બર્જે અને પૂર્વ વડા પ્રધાન ગેબ્રિયલ અટ્ટાલ સહિતના વરિષ્ઠ રાજકારણીઓએ આ ઘટનાની સખત નિંદા કરતાં કહ્યું હતું કે, ફ્રાન્સમાં પુરુષ અને મહિલાઓની સમાનતા સાથે કોઈ સમાધાન થઈ શકે નહીં અને કોઈપણ ધર્મ કે માન્યતા ફ્રાન્સના કાયદાથી ઉપર નથી.

બીજી તરફ, BAPS પેરિસ દ્વારા આ અંગે ક્ષમાયાચના માગવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે તેઓ આ બાબતને ખૂબ ગંભીરતાથી લે છે અને કોઈને પણ પ્રતિનિધિમંડળની મુલાકાત દરમિયાન એફિલ ટાવરમાં પ્રવેશ આપવાનો ઇનકાર કરવામાં આવ્યો ન હતો. BAPSએ ઉમેર્યું હતું પરસ્પર આદર અને સેવાના સાર્વત્રિક મૂલ્યો માટે તેઓ પ્રતિબદ્ધ છે. નવી દિલ્હી ખાતે વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જેસવાલે મીડિયા બ્રીફિંગ દરમિયાન આ વિવાદ અંગે જણાવ્યું હતું કે, 'અમે પેરિસ વિસ્તારમાં BAPS સંસ્થા દ્વારા એક મંદિરના ઉદ્ઘાટન અંગે માહિતગાર છીએ. જ્યાં સુધી એફિલ ટાવર સંબંધિત આ ચોક્કસ મુદ્દાનો સવાલ છે, તે સંપૂર્ણપણે સંબંધિત સંસ્થાઓ (વિદેશી સંગઠન અને ટાવર સંચાલકો) વચ્ચેનો અંગત મામલો છે.'

અગાઉથી સંકલન કરાયું હતું': BAPS

અમદાવાદ: પેરીસ એફિલ ટાવરની મુલાકાતને લઈને કર્મચારીઓની ચિંતા અને મીડિયા અહેવાલો વચ્ચે BAPS સ્વામિનારાયણ સંસ્થાએ સ્પષ્ટતા કરી છે કે આશરે 100 સભ્યોના પ્રતિનિધિમંડળની મુલાકાત માટે ટાવરના સંચાલન તંત્ર સાથે અગાઉથી સંકલન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યાના જૂથને કારણે કર્મચારીઓ, અન્ય મુલાકાતીઓ અને ટાવરની કામગીરીમાં વિક્ષેપ ન પડે તે હેતુથી મુલાકાત સામાન્ય કામગીરી શરૂ થવાના સમયે રાખવામાં આવી હતી.

બીએપીએસએ સ્પષ્ટ કર્યું હતુ કે આ વ્યવસ્થા કોઇ પણ રીતે લિંગ આધારિત વિનંતી નહોતી. સંસ્થા સમાનતા, પરસ્પર સન્માન અને સૌની સેવાના સિદ્ધાંતો પ્રત્યે પ્રતિબદ્ધ હોવાનું જણાવ્યું છે. મુલાકાત દરમિયાન કોઇ મુલાકાતી કે કર્મચારીને પ્રવેશથી વંચિત કરવામાં આવ્યા નહોતા. જોકે, કર્મચારીઓને કોઇ અસુવિધા કે અસ્વસ્થતા થઇ હોય તો બીએપીએસએ તેનો અફસોસ વ્યક્ત કર્યો છે અને એફિલ ટાવરના સંચાલન તંત્ર તથા કર્મચારીઓના સહકાર બદલ આભાર માન્યો છે. સમગ્ર મામલે સંબંધિત પક્ષો સાથે રચનાત્મક વાતચીત ચાલુ રાખવાની પણ સંસ્થાએ ખાતરી આપી છે.

પેરિસમાં BAPSના મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો

BAPS સંપ્રદાયે રવિવારે પેરિસ નજીક ફ્રાન્સમાં પોતાના પ્રથમ મોટા મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજ્યો હતો. ઐતિહાસિક પ્રાણપ્રતિષ્ઠાબાદ, સાંજે વિશેષ લોકાર્પણ સમારોહ યોજાયો હતો. બી.એ.પી.એસ.ના આધ્યાત્મિક વડા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પાવન ઉપસ્થિતિમાં યોજાયેલી આ સંધ્યા સભામાં ફ્રાન્સ અને ભારતના વરિષ્ઠ પ્રતિનિધિઓ, મહાનુભાવો, આમંત્રિત અતિથિઓ, સ્વયંસેવકો અને શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા. મૂર્તિપ્રતિષ્ઠા બાદ મહંત સ્વામી મહારાજે ફ્રાન્સ અને સમગ્ર વિશ્વની સુખાકારી અને શાંતિ માટે પ્રાર્થના કરી હતી. પોતાના આશીર્વચનમાં તેમણે મંદિરના નિર્માણમાં યોગદાન આપનાર સૌ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી, મંદિરને સાકાર કરવા માટે પ્રમુખસ્વામી મહારાજના સ્મરણ કર્યું હતું અને સૌને મંદિરનો લાભ લેવા તથા શ્રદ્ધા અને ભક્તિથી સેવા કરવાની પ્રેરણા આપી હતી.

કર્ણાટકના દાવણગેરે જિલ્લામાં હાઇવે પર એક વાહનની ટક્કરે ઈજાગ્રસ્ત થયેલા દીપડાને બચાવવાનો પ્રયાસ કરી રહેલી વન વિભાગની ટીમ પર મંગળવારે દીપડાએ હુમલો કર્યો હતો. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. આ ઘટના કેમેરામાં કેદ થઈ ગઈ હતી અને ત્યાર બાદ સોશિયલ મીડિયા પર વ્યાપકપણે શેર કરવામાં આવી રહી છે. અધિકારીઓએ જણાવ્યું કે, ઈજાગ્રસ્ત દીપડો વાહનની ટક્કર બાદ હાઇવે પર પડેલો જોવા મળ્યો હતો. માહિતી મળ્યા બાદ વન વિભાગે પ્રાણીને બચાવવા માટે સ્થળ પર એક ટીમ મોકલી હતી. એક વરિષ્ઠ વન અધિકારીએ જણાવ્યું કે, વેટરનરી ડોક્ટર દીપડાને બેભાન કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા, જે શરૂઆતમાં શાંત રહ્યો હતો. જોકે, નજીકમાં એકઠા થયેલા ટોળાએ બૂમો પાડવાનું અને ફોટોગ્રાફ્સ તેમ જ વીડિયો લેવાનું શરૂ કર્યું હતું, જેના કારણે દીપડો આક્રમક બન્યો હોવાની આશંકા છે. બેભાન કરવાની દવા સંપૂર્ણ અસર કરે તે પહેલાં જ પ્રાણીએ અચાનક એક અધિકારી પર હુમલો કરી દીધો હતો. વીડિયોમાં દીપડો અધિકારી પર કૂદકો મારીને તેમને જમીન પર પાડી દેતો જોવા મળ્યો હતો. તેમના સહકર્મીઓએ તાત્કાલિક વચ્ચે પડીને પ્રાણીનું ધ્યાન ભટકાવવા માટે લાકડીનો ઉપયોગ કર્યો હતો, જેથી અધિકારી પોતાના પગ પર ઊભા થઈ શક્યા હતા. ત્યાર બાદ દીપડો અધિકારીઓથી દૂર હટી ગયો અને હાઇવે નજીકના ઘાસવાળા વિસ્તાર તરફ ભાગી ગયો હતો. વન ટીમ આખરે ઈજાગ્રસ્ત પ્રાણીને કબજે કરવામાં અને તેને હોસ્પિટલ લઈ જવામાં સફળ રહી હતી.

હૂથી વિદ્રોહીનો સાઉદી અરેબિયા પર મિસાઈલ અને ડ્રોન હુમલો

73થી વધુ ઈજાગ્રસ્ત, ઓઈલ રિફાઇનરી અને પ્લાન્ટ્સમાં ભીષણ આગ

સાઉદી અને હૂથી વચ્ચેના સંઘર્ષના પગલે વૈશ્વિક અર્થતંત્ર તથા તેલ પુરવઠા પર મોટો ફટકો પડવાની આશંકા

તેલની નિકાસ માટે વિકલ્પ તરીકે ઉપયોગમાં લેવાતા બાબ અલ-મંદેબ જળમાર્ગ પર હુમલો કરાયો

કેરો, તા. ૪ (એપી): ઈરાન સમર્થિત યમનના હૂથી વિદ્રોહીઓએ મંગળવારે સાઉદી અરેબિયા પર ભયાનક હુમલાઓનો નવો સિલસિલો શરૂ કર્યો છે, જેમાં 73થી વધુ લોકો ઘાયલ થયા છે અને દેશના દક્ષિણી પ્રદેશમાં આવેલા ઓઈલ પ્લાન્ટ્સ તથા અન્ય આર્થિક સંસાધનોમાં ભીષણ આગ લાગી છે. અમેરિકાના મહત્વના સાથી દેશ સાઉદી અરેબિયા અને ઈરાનના પ્રોક્સી જૂથ વચ્ચેના આ સંઘર્ષે સમગ્ર પશ્ચિમ એશિયા પ્રદેશની સ્થિરતા જોખમમાં મૂકી દીધી છે અને વૈશ્વિક અર્થતંત્ર તથા તેલ પુરવઠા પર મોટો ફટકો પડવાની આશંકા ઊભી થઈ છે.

યમનના ઉત્તરીય પ્રાંત જાવમાં આવેલી એક જેલ પર સાઉદી અરેબિયા દ્વારા કરાયેલા હવાઈ હુમલાના થોડા જ કલાકો બાદ હૂથી વિદ્રોહીઓએ સાઉદી અરેબિયા પર આ જવાબી હુમલા કર્યા હતા.

સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ક્ષેત્રમાં તણાવને કારણે સાઉદી અરેબિયા દ્વારા વૈશ્વિક બજારોમાં તેલની નિકાસ માટે વિલ્પ તરીકે ઉપયોગમાં લેવાતા બાબ અલ-મંદેબ જળમાર્ગ સાથે જોડાયેલી ઓઈલ સુવિધાઓને હૂથી વિદ્રોહીઓએ નિશાન બનાવી છે. જાઝાન ખાતે આવેલી 4 લાખ બેરલ પ્રતિદિનની ક્ષમતા ધરાવતી સાઉદી અરેબિયાની સૌથી મોટી ઓઈલ રિફાઈનરી અને અરામકોની મિલકતો પર હુમલા થતાં સંચાલન અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવ્યું છે અને ફાયરબ્રિગેડ દ્વારા આગ પર કાબૂ મેળવવા પ્રયાસો હાથ ધરાયા છે.

ઉજ્જૈનમાં મંદિર તોડાયું, પણ 'ખડે હનુમાન'ની મૂર્તિ જરા પણ ન ખસી

રસ્તાના કામ માટે જેસીબીથી 170 વર્ષ જૂની મૂર્તિ ખસેડવાના 4 પ્રયાસો નિષ્ફળ; હવે પુરાતત્વ નિષ્ણાતો સ્કેનિંગ કરીને આગળનો નિર્ણય લેશે

આ ઘટનાના વિડિયો વાયરલ થતાં શ્રદ્ધાળુઓ તેને 'દિવ્ય ચમત્કાર' ગણાવી રહ્યા છે

સ્થળ પર વાંદરાઓનું ટોળું એકઠું થતાં આસ્થાનો માહોલ સર્જાયો

ઉજ્જૈન, તા. ૪: ઉજ્જૈનમાં વર્ષ 2028માં યોજાનારા 'સિંહસ્થ કુંભમેળા'ની તૈયારીઓના ભાગરૂપે રસ્તા પહોળા કરવાનું કામ ચાલી રહ્યું છે. આ દરમિયાન ટંકી ચોક પાસે આવેલા આશરે 170 વર્ષ પ્રાચીન 'ખડે હનુમાન' મંદિરના માળખાને મહાનગરપાલિકા અને તંત્રે જેસીબી અને જેક વડે તોડી પાડ્યું હતું. પરંતુ, હનુમાનજીની ઊભેલી મૂર્તિને સુરક્ષિત રીતે અન્ય સ્થળે ખસેડવાના તમામ પ્રયાસો નિષ્ફળ રહ્યા છે. સ્થાનિક મીડિયા અનુસાર, ભારે મશીનરી વડે મૂર્તિ હટાવવાના સતત ચાર પ્રયાસો નિષ્ફળ જતાં તંત્રે કામગીરી અટકાવવી પડી છે. હવે પુરાતત્વ નિષ્ણાતોની મદદથી મૂર્તિના પાયાનું સ્કેનિંગ કર્યા બાદ જ આગળનો નિર્ણય લેવાશે. બીજી તરફ, સોશિયલ મીડિયા પર આ ઘટનાના વિડિયો વાયરલ થતાં શ્રદ્ધાળુઓ તેને 'દિવ્ય ચમત્કાર' ગણાવી રહ્યા છે. સ્થળ પર વાંદરાઓનું ટોળું એકઠું થતાં આસ્થાનો માહોલ સર્જાયો છે.

પેજ 3

દીપિકા પદુકોણે રણવીર સિંહ સાથેના મેટરનિટી શૂટમાં બેબી બમ્પ ફ્લોન્ટ કર્યો

મુંબઈ, તા. ૪ : પ્રેગ્નેન્ટ દીપિકા પદુકોણ પતિ રણવીર સિંહ સાથેના મેટરનિટી શૂટની નવી તસવીરોમાં ખૂબ જ સુંદર લાગી રહી હતી. મંગળવારે રણવીર અને દીપિકાએ ઇન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા સંયુક્ત રીતે આ તસવીરો શેર કરી હતી. તેમની પુત્રી દુઆ પદુકોણ સિંહ પણ તેમની સાથે જોડાઈ હતી અને તેનું પ્યારું સ્મિત તસવીરોનું અસલી આકર્ષણ હતું! આ તસવીરોમાં દીપિકા રણવીર સાથે પોઝ આપતી જોવા મળી હતી, જેણે દુઆને તેડી રાખી હતી. ત્રણેય સ્મિત કરી રહ્યા હતા, જેમાં વચ્ચે દુઆ ખૂબ જ ક્યૂટ લાગી રહી હતી. એક તસવીરમાં રણવીર દીપિકાના બેબી બમ્પને સ્પર્શ કરતો જોવા મળ્યો હતો. તસવીરો શેર કરતાં રણવીરે કેપ્શનમાં લખ્યું, "બેબી દુઆ અને અમારા હૃદય મોટા થઈ રહ્યા છે! તમારા આશીર્વાદ બદલ આભાર!."

મુંબઈનું આઈકોનિક ગેટી ગેલેક્સી થિયેટર શોર્ટ સર્કિટના કારણે બંધ કરાયું

મુંબઈ, તા. ૪: મુંબઈના બાંદ્રા સ્થિત આઈકોનિક ગેટી ગેલેક્સી થિયેટરને પોલીસે સોમવારે બંધ કરાવી દીધું હતું. થિયેટરમાં 'હનુમાન અંશ' ચાલી રહી હતી, પરંતુ શો પહેલાં જ કેબલ વાયર બળી જવાથી દર્શકોએ હંગામો શરૂ કરી દીધો હતો. આ જ થિયેટરમાં લાગેલા 'મિર્ઝાપુર'નાં પોસ્ટર પણ ફાડી નાખવામાં આવ્યાં હતાં. પોલીસ પહોંચ્યા પછી દસ્તાવેજોની તપાસમાં લાઇસન્સ સંબંધિત ગડબડ સામે આવી હતી. 1972માં ફિલ્મ 'સીતા ઔર ગીતા'થી શરૂ થયેલા આ થિયેટરની ફિલ્મ 'લવર્સ', ફિલ્મ સ્ટાર્સ અને મોટી ફિલ્મો સાથે ઘણી યાદો જોડાયેલી છે. અહીં ક્યારેય 'ઝંઝીર'ની 5 રૂપિયાની ટિકિટ 100માં વેચાઈ, તો ક્યારેય શાહરુખ, દીપિકા જેવા સ્ટાર્સ ફેન્સનું રિએક્શન જોવા પહોંચ્યા હતા. ક્યારેય કરીનાને ભીડથી બચાવવા માટે આના પ્રોજેક્ટર રૂમમાં પણ બંધ કરવામાં આવી હતી.

700 કરોડના માલિક પરંતુ ઘરમાં જાતે જ વાસણ ધોવે છે શ્રેયા ઘોષાલના પતિ

મુંબઈ, તા. ૪: શ્રેયા ઘોષાલનાં લગ્ન એક દાયકા પહેલાં તેના લોંગ ટાઇમ પાર્ટનર શિલાદિત્ય મુખોપાધ્યાય સાથે થયાં હતાં અને ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં આ બંનેનાં લગ્ન સૌથી સુંદર લગ્નોમાંથી એક છે. શિલાદિત્ય 'ટ્રુકોલર ફોર બિઝનેસ'ના ગ્લોબલ હેડ છે અને પ્લેનિફાઇ અનુસાર, 2025 સુધીમાં તેમની સંપત્તિ રૂ. 500 કરોડથી રૂ. 700 કરોડ વચ્ચે હોવાનો અંદાજ છે. તાજેતરની વાતચીતમાં શ્રેયાએ તેના પતિ વિશે કહ્યું હતું કે, ''હું ભાગ્યશાળી છું કે મને આ માણસ મળ્યો.'' શ્રેયાએ ઉમેર્યું, ''તે આખા ઘરનું ધ્યાન રાખે છે. તે પોતાનાં વાસણો પણ જાતે ધોશે અને રસોડું પણ સાફ કરશે અને જો હું એ કામ કરું તો તે નારાજ થઈ જશે.''

હાફિઝ સઈદના પુત્રએ ઓક્યું ઝેર: "જીવતા રહીશું ત્યાં સુધી જેહાદ ચાલુ રહેશે"

ભારત વિરુદ્ધ ભડકાઉ ભાષણ; દિલ્હીના 500 વર્ષના ઇતિહાસનો ઉલ્લેખ કરી આપી ધમકી.

નવી દિલ્હી, તા. ૪: પાકિસ્તાનમાંથી ફરી એકવાર ભારત વિરુદ્ધ ભડકાઉ નિવેદન સામે આવ્યું છે. હાફિઝ સઈદના પુત્ર તલ્હા સઈદે ઝેર ઓકતાં જેહાદ ચાલુ રાખવાની વાત દોહરાવી છે. વાયરલ વીડિયો અંગે જણાવવામાં આવી રહ્યું છે કે, આ શેખુપુરામાં આયોજિત એક જાહેર કાર્યક્રમનો છે, જેમાં આતંકવાદી સંગઠન સાથે જોડાયેલા હાફિઝ સઈદના પુત્ર તલ્હા સઈદે જેહાદ, પાકિસ્તાન સેના અને દિલ્હીના ઇતિહાસને લઈને કેટલીક વિવાદિત ટિપ્પણીઓ કરી હતી. પોતાના સંબોધનમાં તલ્હાએ કહ્યું કે, જ્યાં સુધી તે જીવિત છે, જેહાદ અને બલિદાનોનો સિલસિલો ચાલુ રહેશે. સાથે જ તેણે પાકિસ્તાનના ફીલ્ડ માર્શલ અસીમ મુનીરની પ્રશંસા કરતાં તેમનાં નિવેદનોનું સમર્થન કર્યું હતું.

ઓસિન્ટટીવીનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. 5 સપ્ટેમ્બરે શેખુપુરામાં આયોજિત એક જાહેર કાર્યક્રમના આ વાયરલ વીડિયો અનુસાર, તલ્હા સઈદે પોતાના સંબોધનમાં કહ્યું કે, જેહાદ અને બલિદાનો ચાલુ રહેશે અને આ અભિયાન રોકાવાનું નથી. તેણે કહ્યું, ''જ્યાં સુધી અમે જીવિત છીએ, અમે જેહાદ અને બલિદાનો ચાલુ રાખીશું. અમે અટકીશું નહીં.'' તલ્હા સઈદનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ક્ષેત્રમાં સુરક્ષા અને કટ્ટરપંથ સાથે જોડાયેલા મુદ્દાઓ પર આંતરરાષ્ટ્રીય સ્તરે સતત ચર્ચા થઈ રહી છે.

ઈરાનના એવિએશન સેક્ટર પર અમેરિકાના નવા કડક પ્રતિબંધો

તેહરાનને વૈશ્વિક સ્તરે અલગ-થલગ કરવા ઓપરેશન ઇકોનોમિક આઉટકાસ્ટ' હેઠળ 36 સંસ્થાઓ અને એરલાઇન્સ નિશાન પર

ઈરાન સાથે વેપાર કરનાર વિદેશી કંપનીઓ માટે પણ નાણાકીય બ્લેકલિસ્ટનું જોખમ

વોશિંગ્ટન, તા. ૪ (એપી): ટ્રમ્પ પ્રશાસને ઈરાનને તેના બાકી રહેલા વેપારી ભાગીદારોથી અલગ-થલગ કરવાના હેતુથી તેના એવિએશન સેક્ટર પર નવા કડક પ્રતિબંધો લાદ્યા છે. આ અંતર્ગત 24થી વધુ વેપારી અને ખાનગી એરલાઇન્સ તેમજ વિદેશી કાર્ગો સેવા પ્રદાતાઓને નિશાન બનાવવામાં આવ્યા છે. 'ઓપરેશન ઇકોનોમિક આઉટકાસ્ટ' અભિયાનના ભાગરૂપે લેવાયેલા આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ ઈરાન સરકારની નાણાકીય લાઈફલાઈનને સંપૂર્ણપણે તોડી નાખવાનો છે. અમેરિકી નાણા મંત્રી સ્કોટ બેસેન્ટે ચેતવણી આપતા જણાવ્યું હતું કે, 'ઈરાનની એરલાઇન્સ સાથે વ્યવહાર કરનાર કોઈપણ વિદેશી કંપની કે સરકાર વૈશ્વિક નાણાકીય સિસ્ટમથી અલગ થઈ જવાનું જોખમ વહોરી રહી છે.' અમેરિકી પ્રશાસને આક્ષેપ કર્યો છે કે લક્ષિત 36 સંસ્થાઓ ઈરાનને શસ્ત્રો, સૈન્ય કર્મચારીઓ અને ગેરકાયદેસર સામાનની હેરફેર માટે મદદ કરી રહી હતી.

વેચાણ અંગેની જાહેર નોટીસ

ડિસ્ટ્રીકટ સુરત, પલસાણા સબ-ડિસ્ટ્રીકટના મોજે ગામ : તરાજના બ્લોક/સર્વે નં. ૧૭૨ શ્રી નોંધાયેલ જુની શરતની ખેતીની જમીન, જેનો ખાતા નં. ૧૩૮ છે જેનુ /૧૨ મુજબ કુલ ક્ષેત્રફળ હે. ૨ આરે-૧૫-૫૦ ચો.મી. યાને ૨૧૫૫૦ ચા. મી. છે. જેનો આકાર રૂા. ૩૩.૬૨ પૈસા વાળી જુની શરતની ખેતીની જમીન તથા બ્લોક/સર્વે નં. ૧૭૮ થી નોંધાયેલ જુની શરતની ખેતીની જમીન, જેનો ખાતા નં. ૧૩૮ છે જેનુ ૭/૧૨ મુજબ કુલ ક્ષેત્રફળ છે. ૪- આરે-૧૯-૪૦ ચો.મી. યાને ૪૧૯૪૦ ચો. મી. છે જેનો આકાર રૂા. ૫૨.૧૮ પૈસા વાળી જમીનોનાં હાલના માલિકો હકરા અબ્દુલ હૈય અલીભાઈ, અહમદ યુસુફ તથા યુનુસ યાકુબ અલીભાઈ નાઓએ તેમની સંયુક્ત માલિકી તથા કબજા-ભોગવટા, વહીવટની હોવાનું જણાવી મારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહુ જમીનમા કોઈ ગ્રાહિત વ્યકિત, બેંક, સંસ્થા, શાહુકાર પેઢીનો લાગ-ભાગ, હકક, હિત, હિસ્સો, દર-દાવો હોય તો તેઓએ આ નોટીસ મળ્યે દિન-૭ માં મારા સરનામે પુરાવા સહિત લેખિતમાં જાણ કરવાની રહેશે તેમ ન થતા સદરહુ જમીનમાં અન્ય કોઈપણ ગ્રાહિત વ્યકિત, બેંક, સંસ્થા, શાહુકાર પેઢીનો, લાગ-ભાગ, હકક, હિત, હિસ્સો, દર-દાવો નથી અને હોય તો જતા કર્યા છે તેમ સમજી મારા અસીલ સદરહુ જમીનને લગતા તમામ વ્યવહાર સંપુર્ણ કરશે અને મારા અસીલ સદરહુ જમીનને લગતા તમામ પ્રકારનાં કાયદેસરનાં લખાણો કરાવી લેશે. જેની આથી જાહેર જનતાઓ નોંધ લેવી.

ઓફિસ : અંબિકા પાર્ક-૨, તીરૂપતિ રો-હાઉસની સામે, ડીંડોલી ફાયર સ્ટેશન પાસે, ડીંડોલી, સુરત. મો. ૮૩૨૦૮૫૦૦૭૦

મારી મારફત **હિતેક્ષા આર. લાડ** તે ખરીદનારના એડવોકેટ

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ

(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ-૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦
ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ

આથી નીચે દર્શાવેલ દેવાદારો અને સહદેવાદારોએ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** પાસેથી સુરક્ષિત લોન મેળવેલ હતી. લોન માટે નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ તેમની જે તે મીલકત મોર્ગેજ કરેલ હતી. તેઓ દ્વારા જે તે લોન કરાર મુજબના કરારો-શરતો અને નિયમનું પાલન કરવામાં કસુર થયેલ છે અને અનિયમિતતા દર્શાવેલ છે. તેથી લોન આરબીઆઈના નિર્દેશ મુજબ એનપીએ થયેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** એ તેમની પાસે બાકી લેણી રકમ અંગે નોટીસ આપી નીચે દર્શાવેલ કોષ્ટકમાં નિર્દેશ કરેલ વિગત મુજબ બાકી રકમ ઉપર લાગુ કરેલ વધારા નું વ્યાજ અને તેજ રીતે કરાર મુજબનું વ્યાજ જે તે તારીખથી ચાર્જીસ કરશે.

અ. નં.	લોન એકાઉન્ટ નંબર	લોનનો પ્રકાર	દેવાદારો / સહદેવાદારોનું નામ	૧૩(૨) નોટીસની તારીખ	૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ
૧.	૩૧૮૭૪૭૭૨	હોમ લોન	૧.રાજકુમાર રાજમન યાદવ ૨. ગાયત્રીદેવી રાજકુમાર યાદવ	૨૬.૦૮.૨૦૨૬	રૂા.૧૧,૦૧,૬૬૮.૫૦/-

મિલકત નુ સરનામુ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે 'શિવધારા રેસીડેન્સી' તરીકે જાણીતી સ્કીમ ની જગ્યા નો પ્લોટ નં.૧૦૮ (મંજૂર પ્લાન મુજબ, પ્લોટ નં.એ/૧૮) માપ ૪૮.૦૨ ચો.વાર (૪૦.૧૫ ચો.મી) વણવહેચાયેલ હિસ્સા સહિત ૨૭.૪૨ ચો.મી સહિત, કુલ માપ ૬૭.૫૭ ચો.મી ખુલ્લી જમીન વિકસીત થયેલ બિન-ખેતી જમીન રેવન્યુ સર્વે નં.૩૪૮, બ્લોક નં.૩૬૪,માપ ૧૬૫૦૨ ચો.મી, મોજે ગામ.કારેલી, તા.પલસાણા, જી.સુરત, ગુજરાત-૩૯૫૩૧૦ ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પુર્વ તરફ** : જોડેનો પ્લોટ નં.૧૧૬, **પશ્ચિમ તરફ** : સોસાયટી નો રોડ, **ઉત્તર તરફ** : જોડેનો પ્લોટ નં.૧૧૦, **દક્ષિણ તરફ** : જોડેનો પ્લોટ નં.૧૦૮ આવેલ છે.

આથી **તમને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ની ઉપરના ટેબલમાં દર્શાવ્યા મુજબની બાકી રકમ કરાર આધારિત જે તે તારીખથી અન્ય કોસ્ટ ચાર્જીસ સહીત આ નોટીસ છપાયાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવે છે. જેમ કરવામાં કસુર થયેથી નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ના અધિકૃત અધિકારી સરફેસી એકટની ધારા ૧૩(૪) અને ધારા ૧૪ હેઠળ કાર્યવાહી કરી બાકી રકમની વસુલી કરશે. વધુમાં તમને આ કાયદાની ધારા ૧૩(૧૩) હેઠળ સુરક્ષિત મીલકત વેચાણ–ભાડે કે અન્ય રીતે વ્યવહાર ન કરવા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહિ/–
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ.
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)

તારીખ : ૦૬.૦૯.૨૦૨૬
સ્થળ : સુરત, ગુજરાત

KALAMANDIR

આજનો સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ

22 KT 1,40,370/-
18 KT 1,14,810/-
14 KT 89,250/-

+91 95109 70230
વડોદરા | મુંબઈ | અમદાવાદ | સુરત | વાપી | ભરૂચ | કોસંબા

બેંક ઑફ બરોડા Bank of Baroda

ભેસાણ શાખા : મુ.અને પો. ભેસાણ, વાયા ચંદેર, જી.સુરત, ગુજરાત–૩૬૫૦૦૫. મો